# <u>આંક–૧ ફરીયાદ લગત હુકમ</u>

વંચાણે લીધો : **આંક–... તથા ....** આરોપી **રકીબ મચુદ્દીન કરીમી** IPF Ahmedabad Cr NO. 3094/2012 નો આરોપી ન મળી આવતા હોવાનો શેરો કરેલ છે **<u>તથા જામીનદાર મરણ ગયેલ છે.</u>**

(૧) સાંભળ્યા.

(૨) આ કેસ ડોરમેટ ઉપર મારા અગાઉના મેજીસ્ટ્રેટ સાહેબશ્રીએ વર્ષો અગાઉ મૂકેલ છે.

(૩) આ કામે આરોપી મળી આવતા ન હોવાથી લાંબા સમયના પ્રયાસો તથા સદરહુ રેલ્વેનો જે કેસ છે તેમા કોર્ટે તથા પ્રોસીકયુશન એજન્સીએ આ ખાનગી ફરીયાદમાં વારંવાર આરોપી હાજર રખાવવા માટે પૂરતા પ્રયાસો કરેલ હોવાનું રેકર્ડના રોજનામા પરથી જણાઈ આવે છે હાલ ટુંક સમયમાં વધુ પ્રયાસો કરવાથી પણ આરોપી ફરીથી મળી આવવાની કોઈ શકયતા નથી જે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. બીજા રાજય કે બીજા જિલ્લાના આરોપીઓ છે અને આ ખાનગી ફરીયાદ રેલ્વે અં ગેનો કેસ હોય આરોપીઓને મળી આવવાની શકયતા શુન્ય અથવા નહીવત છે.

(૪) આ કામે આ ખાનગી ફરીયાદનો કેસ રેલ્વે અંગેનો છે તેથી રેલ્વેને આ કેસ કમ્પાઉન્ડ કરવાની સત્તા છે. વળી આરોપીના ગેરહાજર રહેવાથી ફરીયાદી પણ હાજર રહેતા નથી. આ કામે સી.આર.પી.સી.૨૪૯ ની જોગવાઈઓ નીચે મુજબ છે.

249. Absence of complainant :

When the proceedings have been instituted upon complaint, and on any day fixed for the hearing of the case, the complainant is absent, and the offence may be lawfully compounded or is not a cognizable offence, the Magistrate may, in his discretion, notwithstanding anything hereinbefore contained, at any time before the charge has been framed, discharge the accused.

ઉપરોકત ગુનો જોતા તથા રેલ્વે એકટ ૧૯૮૯ ની જોગવાઈઓ જોતા આ ગુનો નોન–કોગ્નીઝેબલ છે તથા રેલ્વે એકટનો પરીપત્ર નંબર 2019/SEC/(CR)/45/16/MALKHANA(PT) તા.૧૧/૦૮/૨૦૨૧ નું નોટીફિકેશન જોતા આવા ગુનામાં પણ કમ્પાઉન્ડેબલ છે તથા સમાધાન કરી શકાય તેમ છે. જેથી ઉપરોકત કલમ ૨૪૯ મુજબ આ કેસ ચાર્જ પણ થયેલ ન હોવાથી આરોપીનાઓને ડિસ્ચાર્જ કરી શકાય તેમ છે.

(૫) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીસ પારડીવાલા સાહેબના જજમેન્ટ **JAGDISH TULSIDAS KARIYA VS. STATE OF GUJARAT** 2018, (3) GLR 2089 માં જણાવેલ સિધ્ધાંત મુજબ The applicability of Sec. 249 of Cr.P.C. is excluded only in cases where, atleast, any one of the offences is both cognizable and non-compoundable. Section 256 of Cr.P.C. applies to all the offences triable as summons cases on complaint while Sec. 249 of Cr.P.C. applies to the complaints for the offences triable as

warrant cases as are either compoundable or non-cognizable. (Para 19) જેથી હાલના કેસમાં સી.આર.પી.સી. ૨૪૯ મુજબ ફરીયાદીની ગેરહાજરીના કારણે પણ તથા ચાર્જ થયેલ ન હોવાથી તેથી ગુનો સમાધાનપાત્ર તથા નોન–કોગ્નીઝેબલ હોવાથી સદરહુ કેસ ડિસ્ચાર્જથી ફેંસલ થઈ શકે તેમ છે.

સદરહુ કેસ પાંચ વર્ષથી જુનો કેસ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૭ ના પરીપત્ર તથા નામદાર સુપ્રિમકોર્ટના Hussain Vs Union of India ના જજમેન્ટમાં પાંચ વર્ષ જુના કેસ સત્વરે ફેસલ કરવાનું ડાયરેકશન છે તેથી હાલના કેસમાં આ કેસ ફેસલ કરવો ન્યાયોચિત છે તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

- આરોપી/ઓને સી.આર.પી.સી. ૨૪૯ મુજબ રેલ્વે એકટ U/S 143 ના કામે ફરીયાદીની ગેરહાજરી તથા નોન–કોગ્નીઝેબલ ગુનો તેમજ સમાધાનપાત્ર તથા ખાનગી ફરીયાદ નોન–કોગ્નીઝેબલ હોઈ આરોપી/ઓને ડિસ્ચાર્જ કરવામાં આવે છે.
- સદરહુ આ કેસમાં સી.આર.પી.સી.૧૯૭૩ ની કલમ ૩૦૦ નો બાદ લાગુ પડશે નહી.

આજરોજ સ્પેશ્યલ સિટીંગમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૧૨/૨૦૨૪
મુકામ : અમદાવાદ

**(પરીમલ પરસોત્તમભાઈ પટેલ)**
૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.પ., અમદાવાદ સિટી.
{UIC NO. GJ00942}